સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), ધો.૧૧-૧૨ રાજકોટના મકાન બાંધકામ માટે રૂ.૧૮૨.૦૨ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત (વર્ષ ૨૦૨૩-૨૪).

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

**સુધારા ઠરાવ ક્રમાંકઃSJED/NWR/e-file/17/2023/0117/A-1**

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૬/૧૦/૨૦૨૩

## વંચાણે લીધાઃ-

(૧) વિભાગનો તા.૦૧/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0282/A-1

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ કચેરીનો તા.૦૪/૧૦/૨૦૨૩નો પત્ર ક્ર:વિજાક/સછા/ન.બા./૨૦૨૩-૨૪/૫૧૭

## આમુખઃ-

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા.૦૧/૦૫/૨૦૨૩ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), ધો.૧૧-૧૨ રાજકોટના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગના વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ રૂ.૧૮૨.૦૨ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક-(૨) પરના તા.૦૪/૧૦/૨૦૨૩ના પત્રથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), ધો.૧૧-૧૨ રાજકોટના મકાન બાંધકામ માટે કૂલ રૂ.૬૦૬.૧૧ લાખના પૈકી રૂ.૧૮૨.૦૨ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે તેમ સુધારો થઇ આવવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

## સુધારા ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), ધો.૧૧-૧૨ રાજકોટના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગના વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ રૂ.૧૮૨.૦૨ લાખની જોગવાઇ સાથે કૂલ રૂ.૬૦૬.૧૧ લાખના નકશા અંદાજોને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ અંગેનો ખર્ચ તેમજ ઠરાવની શરતો વિભાગના તા.૦૧/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0282/A-1 ઠરાવ મુજબ રહેશે.

eSign
Signed by: Kalpanaben Vipulkumar Rana
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 16-Oct-2023 (01:17 PM)

3. આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.ની તા.૧૩/૧૦/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

eSign
Signed by: Kalpanaben Vipulkumar Rana
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 16-Oct-2023 (01:17 PM)

**(કલ્પના રાણા)**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણની કચેરી,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**<u>નકલ રવાનાઃ-</u>**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(મા. અને મ.)ના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સા.ન્યા. અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ.